અપની નિગહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૯ | ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; અ. આસો સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૭૯ |
| અમદાવાદ | ૧૭૧ |
| ગાંધીનગર | ૪૦ |

# ચીનને જવાબ આપવા લદ્દાખ મોરચે સેના સજ્જ

**ચીનને ભારત તેની જ ભાષામાં જવાબ આપશે, સરહદ પર તણાવની અસર દ્વિપક્ષીય સંબંધો પર થશે, ચીનની કથની અને કરણીમાં ફરક : દેશનુ માથુ નહીં ઝુકવા દઈએ : રાજનાથસિંહ**

નવી દિલ્હી, તા. ૧૭

લદ્દાખ મોરચે ચીન સાથે ચાલી રહેલા ટકરાવ વચ્ચે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે આજે સંસદમાં નિવેદન આપતાં કહ્યું હતું કે, ચીન સત્તાવાર રીતે જે બોર્ડર નક્કી થઈ છે તેને માનવા તૈયાર નથી. ચીનના વાણી અને વર્તનમાં ફે છે. ચીનની કોઈ પણ કાર્યવાહીનો ભારત વળતો જવાબ આપશે. ચીને જ ઉશ્કેરણી કરી છે અને ચીનને જવાબ આપવા માટે સેના તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, સીમા પર સેના મજબૂત સ્થિતિમાં છે. ભારત તરફથી લશ્કરી કાર્યવાહી પહેલા કરવાઈ નહોતી. હુમલાની પહેલ ચીને જ કરી છે પણ સેનાએ ચીનના ઈરાદાઓ પાર પાડવા દીધા નથી. ભારત આ મુદ્દાનો શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવવા માંગે છે. અમે ઈચ્છીએ છે કે ચીન અમારી સાથે મળીને કામ કરે. તેમણે કહ્યું હતું કે, ભારતીય સેનાએ નિયમોનુ પાલન કર્યુ છે પણ ચીને નિયમો પાળવામાં પીછેહઠ કરી છે. ચીનની કાર્યવાહી બંને દેશો વચ્ચે થયેલા કરારનો ભંગ છે.હું સંસદના માધ્યમથી ૧૩૦ કરોડ દેશવાસીઓને કહેવા માંગુ છું કે, અમે દેશનુ માથુ ઝુકવા નહીં દીએ.રાષ્ટ્ર માટે અમારો આ સંકલ્પ છે.સેનાના જવાનોનો જુસ્સો બુલંદી પર છે.



● અનુસંધાન પાન-૭ પર

## નમામી દેવી નર્મદે....



ગુજરાતનો જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ છલોછલ ભરાઈ ગયો છે. આજે રાજ્યનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નર્મદાના નીરના વધામણા કર્યા છે. નર્મદા ડેમની જળ સપાટી ૧૩૮.૬૮ મીટરે પહોંચી છે. સરદાર સરોવર ડેમનાં ત્રણ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. આ નર્મદા ડેમને છલોછલ ભરીને રાજ્ય સરકારે પીએમ મોદીને તેમના જન્મદિને ભેટ અપી છે. સરદાર સરોવર નર્મદા ડેમ તેની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યા બાદ આજે સવારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તેમની ઓફિસેમાંથી નર્મદા મૈયાનું ઈ-પૂજન કર્યુ છે. આ સાથે નર્મદા બંધ પર નર્મદા નિગમ દ્વારા વિશેષ પૂજા અને નર્મદા બંધના વધામણા કરવામાં આવ્યા છે. નર્મદા મૈયાનું ઈ-પૂજન બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતનાં લાડીલા પીએમ મોદીને જન્મદિનની શુભેચ્છાઓ આપી હતી.

# દેપસોંપમાં લાંબા સમયથી ભારતીય જવાનોને પ્રવેશ નહીં

**લદ્દાખ ઘર્ષણમાં મહત્વના પોઈન્ટને ભૂલી જવાયો છે : ભારતીય સેના પોતાના વિસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષથી પગ મૂકી શકી નથી : ચીને પોતાની બે બ્રિગેડ તૈનાત કરેલી છે**

લદ્દાખ, તા. ૧૭

લદ્દાખ મોરચે ગલવાન ખીણ અને પેંગોંગ લેક વિસ્તારમાં ભારત અને ચીની સેના વચ્ચે થયેલા ઘર્ષણ પછી ભારતીય સેનાના જવાનો એ વિસ્તારમાં જઈ શકતા નથી એ વાત સાચી છે પણ દેપસોંગમાં તો છેલ્લા કેટલાય સમયથી ભારતીય જવાનોને પ્રવેશ અપાતો નથી. આ પ્રદેશ પણ ભારતીય ભૂમિમાં પડે છે પણ ભારતીય સેનાને જ પ્રવેશ નથી.

સુરક્ષાની બાબતો સાથે સંકળાયેલા જાણકારોના કહેવા પ્રમાણે દેપસોંગમાં ભારતે પોતાની જમીન નથી ગુમાવી પણ ભારતીય સેના પોતાના જ વિસ્તારમાં છેલ્લા ૧૫ વર્ષથી પગ મૂકી શકી નથી. આ અધિકારીના કહેવા પ્રમાણે દેપસોંગ પ્લેન્સ વિસ્તારમાં ચીને પોતાની બે બ્રિગેડ તૈનાત કરેલી છે. જેના કારણે ભારત દ્વારા પરંપરાગત રીતે પેટ્રોલ પોઈન્ટ ૧૦ થી ૧૩ સુધીના વિસ્તારમાં જે પેટ્રોલિંગ થતું હતું તે અટકી ગયું છે.

ભારત માટે આ વિસ્તાર બહુ મહત્વનો છે. કારણકે, અહીંથી પૂર્વમાં કારાકોરમ પાસ નજીક ભારતનુ વ્યૂહાત્મક રીતે મહત્વનુ સ્થળ દૌલત બેગ ઓલ્ડી માત્ર ૩૦ કિલોમીટર દૂર છે. લદ્દાખના પહાડી વિસ્તારમાં આ જ વિસ્તાર એવો છે જ્યાં જમીન બિલકુલ સમતળ છે.એટલે જ તેને દેપસોંગ પ્લેન્સ કહેવામાં આવે છે.

નજીકમાં જ ભારતીય સેનાનુ આર્મી બેઝ હોવા છતા ભારત ડેપસોંગ પ્લેન્સના કેટલાક હિસ્સા પર ૧૫ વર્ષથી જઈ શકતું નથી. આ વિસ્તાર લગભગ ૯૭૨ સ્કેવર કિલોમીટર જેટલો થાય છે.

# વેક્સિન કરતાં માસ્ક વધારે અસરકારક : યુએસ તબીબ

વોશિંગ્ટન, તા. ૧૭

અમેરિકાના સેન્ટર ફોર ડીઝીઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન(ઝ્રડ્ઢઝ્ર)ના ડાયરેક્ટર રોબર્ટ રેડફીલ્ડે ફેસ માસ્ક પહેરવું વધુ ઈફેક્ટિવ હોવાનું કહ્યું છે. તેમણે કહ્યુંકે વેક્સિન કરતાં માસ્ક વધુ અસરકારક રહે છે અને તેનાથી કોરોનાથી સલામત રહી શકાય છે. બીજી બાજુ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે માસ્ક અંગે નવો અભિપ્રાય રજૂ કર્યો હતો અને કહ્યુંકે, કોઈપણ સંજોગોમાં માસ્ક વેક્સિનથી

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૩૦૦૮૭૨૪૮ | ૯૪૫૯૭૮ | ૨૧૮૩૪૧૦૨ |
| ભારત | ૫૧૬૯૯૮૧ | ૮૩૭૩૫ | ૪૦૬૮૨૬૦ |
| ગુજરાત | ૧૧૯૦૮૮ | ૩૨૭૩ | ૯૯૯૦૮ |
| ગાંધીનગર | ૩૦૮૮ | ૧૬૩ | ૨૪૯૫ |

# દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ૧૦ લાખને પાર

**છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯૭૮૯૪ પોઝિટિવ કેસ : કોરોનાનો આંકડો ૫૧ લાખને પાર, ૨૪ કલાકમાં ૧૧૩૨ના મોત : ૮૩૧૯૮ લોકોના અત્યાર સુધી મોત નિપજ્યા, રિક્વરી રેટ ૭૮.૬૪ ટકાએ પહોંચ્યો**

ન્યુ દિલ્હી,તા.૧૭

ભારત સહિત આખી દુનિયામાં કોરોનાનો ખોફ જોવા મળી રહ્યો છે. પરંતુ ભારતમાં કોરોનાના કેસનો રાફડો ફાટ્યો છે અને સતત વ્યાપ વધી ગયો છે. ભારતમાં દરરોજ ર્ઝ્રફૈંડ્ઢ-૧૯ના કેસ વધી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા ગુરૂવારે બહાર પાડવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫૧૧૮૨૫૩ થઈ ગઈ છે. છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાના કેસ ૯૭૮૯૪ થઈ ગયા છે. એક દિવસમાં સામે આવેલા કેસનો આ સૌથી મોટો આંકડો છે.

આ સમયગાળ દરમ્યાન દેશમાં ૧૧૩૨ કોરોના સંક્રમિતોના મોત પણ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૨,૭૧૯ દર્દીઓ સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪૦,૨૫,૦૭૯ દર્દીઓ સાજા થયા છે. ૮૩,૧૯૮ લોકોનાં મોત નીપજ્યાં છે. રિકવરી રેટની વાત કરીએ તો તેમાં થોડો વધારો થયા બાદ ૭૮.૬૪ ટકા પર પહોંચી ગયો છે. પોઝિટિવિટી રેટ ૮.૬૧ ટકા છે. ૧૬ સપ્ટેમ્બરના રોજ ૧૧,૩૬,૬૧૩ કોરોનાના ટેસ્ટ થયા. અત્યાર સુધીમાં કુલ ૬,૦૫,૬૫,૭૨૮ સેમ્પલ ટેસ્ટ થઈ ચૂકયા છે. દેશમાં પહેલીવાર કોરોનાના એક્ટિવ કેસ ૧૦ લાખને પાર થઈ ગયા છે. એક્ટિવ કેસની સંખ્યા ૧૦,૦૯,૯૭૬ છે.

એક્ટિવ દર્દીઓની ટકાવારી ૧૯.૭૩ છે. મૃત્યુ દર ૧.૬૨ ટકા છે. સપ્ટેમ્બરમાં અત્યાર સુધીમાં કોરોનાથી કુલ ૧૮,૭૨૯ લોકોનાં મોત નીપજ્યાં છે.

## છેલ્લે... છેલ્લે...

- કેન્દ્રીય મંત્રી હરસિમરત કૌરનું રાજીનામું. કૃષિ વિષયક બીલના વિરોધમાં રાજીનામું
- કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહને એઈમ્સમાંથી રજા અપાઈ.
- ભાજપના કર્ણાટકથી રાજયસભાના સાંસદ અશોક ગસ્તીનું નિધન
- પૂર્વ પ્રધાન અરુણ શૌરી વિરુદ્ધ કેસ દાખલ કરવા CBI કોર્ટનો આદેશ
- કાશ્મીરમાં ૩ આતંકવાદીઓ ઠાર કરાયા

# કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પણ કોરોનાથી સંક્રમિત

**નીતિન ગડકરીએ ટ્વીટ કરી જાણકારી આપી**

નવી દિલ્હી,તા.૧૭

કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહ કોરોના વાયરસ સંક્રમણની ઝપેટમાં આવ્યા પછી હવે વધુ એક કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. તેમણે ટ્વિટ કરીને આ બાબતે જાણકારી આપી હતી અને પોતાના સંપર્કમાં જે પણ લોકો આવ્યા હોય તેમને કાળજી જાળવવાની તેમજ પ્રોટોકોલ અનુસરવાની અપીલ કરી હતી. નોંધનીય છે કે કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે અને તાજેતરમાં આ પહેલા ચોમાસુ સત્રના પહેલા દિવસે જ આશરે ૩૦ સાંસદ કોરોના મહામારીની ઝપેટમાં આવ્યા હતાં. કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે,' કાલે મને નબળાઈ જેવું લાગતું હતું. જેથી મેં ડોક્ટરને બતાવ્યું હતું. ચેકઅપ દરમિયાન મારો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તમારા બધાની શુભેચ્છાથી સ્વસ્થ છું અને મારી જાતને આઈસોલેટ કરી છે.'

# કોરોનાથી ડોકટરોના મોતનો આંકડો નથી : કેન્દ્ર સરકાર

**સરકારના વલણથી ઈન્ડિયન મેડિકલ એસોસીએશન ખફા : કોરોનાથી જીવ ગુમાવનારા ૩૮૨ ડોક્ટરોનું લિસ્ટ જાહેર કરાયું અને તેમને શહીદનો દરજ્જો આપવાની માગ કરી**

નવી દિલ્હી, તા. ૧૭

દેશમાં કોરોનાના કહેર વચ્ચે જીવ ગુમાવનારા ડોક્ટરોના મોતનો આંકડો સંસદમાં જાહેર કરવા માટે સરકારે કરેલા ઈનકાર બાદ ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ભડકી ઉઠ્યું છે.

કેન્દ્ર સરકારે સંસદમાં કહ્યુ હતું કે, કોરોનાથી જીવ ગુમાવનારા કે વાયરસનો ચેપ જેમને લાગ્યો છે તેવા ડોકટરો અને સ્વાસ્થ્ય કર્મીઓનો ડેટા નથી. એ પછી ઈન્ડિયન મેડિકલ એસોસિએશને કોરોનાથી જીવ ગુમાવનારા ૩૮૨ ડોક્ટરોનું લિસ્ટ જાહેર કર્યુ છે અને તેમને શહીદનો દરજ્જો આપવાની પણ માંગ કરી છે.

એસોસિએશનનું કહેવું છે કે, જો સરકાર કોરોનાથી સંક્રમિત થયેલા ડોકટરો અને સ્વાસ્થ્ય કર્મીઓનો ડેટા ના રાખતી હોય તો સરકારને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ અને એપેડેમિક એક્ટ લાગુ કરવાનો પણ નૈતિક અધિકાર નથી રહેતો.એક તરફ સરકાર ડોકટરોને કોરોના વોરિયર કહે છે અને બીજી તરફ તેમને શહીદનો દરજ્જો આપવાનો પણ ઈનકાર કરે છે.

# સુશાંત આત્મહત્યા કે હત્યાનું રહસ્ય આગામી સપ્તાહે ખુલશે

**એક્ક્સપર્ટ પેનલ ફોરેન્સિક રિપોર્ટ આપશે : એઈમ્સની એક્સપર્ટ પેનલ સાથે ફોરેન્સિક ટીમની તપાસ**

મુંબઈ, તા. ૧૭

સુશાંત સિંહ રાજપૂતના મોત મામલે શરૂઆતથી તેના ફેન્સ અને કેટલાક લોકો આત્મહત્યા નહીં હત્યા હોવાનું કહી રહ્યા છે. ભારે હોબાળા બાદ આ કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો. સીબીઆઈએ આ કેસ મહત્વના પાસાઓ અને મોતનું કારણ જાણવા માટે એઆઈઆઈએમએસની એક્સપર્ટ પેનલ સાથે એક ફોરેન્સિક ટીમ બનાવી હતી. આ ફોરેન્સિક એક્સપર્ટની ટીમ સુશાંતના વિસેરાની પણ તપાસ કરી રહી છે. આ ટીમની મેડિકલ બોર્ડ મીટિંગ અને સીબીઆઈની ટીમ સાથેની મીટિંગને ખૂબ અગત્યની માનવામાં આવી રહી છે. સીબીઆઈની માગ પર એમ્સના ફોરેન્સિક ડિપાર્ટમેન્ટના ડૉક્ટર સુધીર ગુપ્તાની અધ્યક્ષતામાં એક ટીમ નિમવામાં આવી હતી. આ ટીમે મુંબઈમાં સુશાંતના ઘરે જઈને તપાસ કરી હતી સાથે જ સુશાંતનું પોસ્ટમોર્ટમ કરનારા ડૉક્ટરોની ઝીણવટભરી પૂછપરછ કરી હતી. આ ફોરેન્સિક ટીમે સુશાંતના ઘરે ત્રણવાર ક્રાઈમ સીન રિક્રિએટ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, પોસ્ટમોર્ટમમાં સુશાંતની મોતને આત્મહત્યા ગણાવાઈ હતી અને તેના આધારે મુંબઈ પોલીસે કેસમાં કોઈ ષડયંત્ર હોવાની સંભાવના નકારી હતી.



# દેશના ૧ ૨ રાજ્યોમાં ખતરનાક આઈએસનો પગપેસારો : કેન્દ્ર

**સરકારે સંસદમાં લેખિત જવાબમાં આપેલી માહિતી : સાઉથનાં લગભગ બધાં રાજ્યો યુપી, બિહાર, રાજસ્થાન, એમપી, મહારાષ્ટ્ર, પ. બંગાળ અને કશ્મીરનો સમાવેશ**

નવી દિલ્હી, તા. ૧૭

ઈરાક અને સિરિયામાં ઊભી થયેલી ખતરનાક આતંકવાદી સંસ્થા ઈસ્લામિક સ્ટેટ દેશનાં ૧૨ રાજ્યોમાં સક્રિય હોવાનું કેન્દ્ર સરકારે કહ્યું છે. ઈરાન અને સીરિયામાં સક્રિય એવી ઈસ્લામિક સ્ટેટે દેશનાં ૧૨ રાજ્યોમાં પોતાનો પગદંડો જમાવી ચુકી હતી. ઈસ્લામિક સ્ટેટ સક્રિય હોય એવાં રાજ્યોમાં સૌથી વધુ અસર સાઉથનાં રાજ્યોમાં હતી. સાઉથનાં લગભગ બધાં રાજ્યો તામિલનાડુ, કર્ણાટક. કેરળ, આંધ્ર પ્રદેશ અને તેલંગાણા ઉપરાંત ઉત્તર પ્રદેશ. બિહાર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને જમ્મુ કશ્મીરનો સમાવેશ થતો હતો. ૨૦૧૪ પછી ઈસ્લામિક સ્ટેટ ઈરાન-ઈરાક ઉપરાંત બાંગ્લા દેશ, માલી, સોમાલિયા અને મિસર જેવા દેશોમાં પગપેસારો કરી ચૂક્યું હતું.

સરકારે કહ્યું હતું કે ઈસ્લામિક સ્ટેટને લશ્કર-એ-તૈયબ અને અલ કાદા જેવી આતંકવાદી સંસ્થાઓ સાથે સીધો સંબંધ છે. ભારતમાં પોતાની સુન્ની ઝનૂની વિચારધારાના પ્રસાર માટે આ આતંકવાદી સંસ્થા સોશ્યલ મિડિયાનો ગેરઉપયોગ કરી રહી હતી. જે તે રાજ્યોની ગુપ્તચર સંસ્થા ઉપરાંત કેન્દ્ર સરકારની સિક્યોરિટી વ્યવસ્થાને આ રાજ્યોની કેટલી વ્યક્તિઓ ઈસ્લામિક વિચારધારા સાથે સંમત થઈ હતી એની માહિતી મળી હતી.

# હવે ચંદ્રયાન-૩ના વિક્રમ લેન્ડરમાં ૫ નહીં પરંતુ ૪ જ એન્જીન હશે

**ઇસરો દ્વારા ચંદ્રયાન-૩ની તૈયારીઓ આરંભાઈ**

બેંગ્લુરુ,તા.૧૭

ભારતીય અંતરિક્ષ અનુસંધાન કેન્દ્ર એટલે કે ઈસરોએ આવનારા વર્ષે ચંદ્રયાન-૩ લોન્ચ કરશે. તેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ વખતે ચંદ્રયાન-૨માં વિક્રમ લેંડરથી ચંદ્રયાન-૩ના વિક્રમ લેંડર થોડુ અલગ હશે. ચંદ્રયાન-૨ના વિક્રમ લેંડરમાં પાંચ એન્જીન (થ્રસ્ટર્સ) હતા. પરંતુ આ વખતે ચંદ્રયાન-૩ના વિક્રમ લેંડરમાં માત્ર ચાર જ એન્જીન હશે. તેમાં મિશનમાં લેંડર અને રોવર જશે. ચાંદ અને તારોઓમાં ઘૂમી રહેલા ચંદ્રયાન ૨ના ઓર્બિટરની સાથે લેંડર રોવરનો સંપર્ક કરવામાં આવશે. વિક્રમ લેંડરના ચારે ખુણા ઉપર એક એક એન્જીન હતું જ્યારે વચ્ચે એક મોટું એન્જીન હતું. પરંતુ આ વખતે ચંદ્રયાન ૩માં જે લેંડર જશે તેમાં વચ્ચેનું એન્જીન હટાવી દેવામાં આવ્યું છે. તેનાથી ફાયદો એ થશે કે લેંડરનું વજન ઓછું રહેશે.

ઈસરો એ માટે પાંચમાં એન્જીનને હટાવી રહ્યું છે કારણ કે, હવે તેની જરૂરત નથી. તેનાથી લેંડરનું વજન અને તેની કિંમત વધે છે. ઈસરોના સાઈન્ટીસ્ટે લેંડરના પગોમાં પણ ફેરફારની ભલામણ કરી હતી. હવે જોવાનું એ રહે છે કે કેવા પ્રકારના ફેરફાર હશે. તે સિવાય લેંડરમાં લેંડર ડોપ્લર વેલોસીમીટર (LDV) પણ લગાવવામાં આવ્યું છે. કારણ કે, લેંડિંગના સમેય લેંડરની ગતિની સટીક જાણકારી મળઈ શકે અને ચંદ્રયાન-૨ના વિક્રમ લેંડર જેવી ઘટના ન થાય.

જોઈએ છે

ખ્યાતનામ કન્સ્ટ્રકશન કંપનીમાં

Receptionist (Female)-2

પગાર : ૮,૦૦૦ થી ૧૩,૦૦૦

અનુભવીને પ્રથમ આવકાર્ય

Contact : 99090 12066